## સેજપાલ પરિવાર સેવા ટ્રસ્ટ

૭-બી, નટવર શ્યામ સોસાયટી, ઓર્ચિડ પાર્કની સામે,
શેલ્બી હોસ્પિટલની પાછળ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

(૧) **ટ્રસ્ટનું નામ** :સેજપાલ પરિવાર સેવા ટ્રસ્ટ

(૨) **સરનામું** : ૭-બી, નટવર શ્યામ સોસાયટી ઓર્ચિડ પાર્કની સામે, શેલ્બી હોસ્પિટલની પાછળ, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.

(૩) **કાર્યક્ષેત્ર** : સમગ્ર ભારત દેશ રહેશે.

(૪) **હેતુઓ** : નીચે મુજબ રહેશે.

(૧) સેજપાલ પરિવાર(વરસડાવાળા)ના કુળદેવી અને સુરધનબાપા(સુરાપુરા)નું મંદિરની સ્થાપના કરવી તથા તેની ધાર્મિક સેવા પુજા કરવી તથા કરાવવી.

(૨) કુળદેવી તથા સુરધનબાપાના મંદિરમાં યજ્ઞ તેમજ ધાર્મિક પ્રસંગો ઉજવવા.

(૩) સેજપાલ પરિવારના રિચિ-રિવાજ મુજબ વાર-તહેવારે કુટુંબને ભેગા થવાની વ્યવસ્થા કરવી તેમજ રિવાજ મુજબ બાળકોના કર(બાબરી ઉતારવા) કરાવવાની વ્યવસ્થા(નવ દંપતિના) છેડા-છોડીની વિધી મંદિરના પ્રંગાણમાં કરવવાની વ્યવસ્થા કરવી. તથા યજ્ઞોપવિત્ર કરવા વ્યવસ્થા કરવી. તેમજ આ પ્રસંગમાં સેજપાલ પરિવારની જમણવારની વ્યવસ્થા કરવી.

(૪) સેજપાલ પરિવાર(વરસડાવાળા)ના બાળકોને શિષ્યવૃત્તિ આપવી તથા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ માટે આર્થિક મદદ કરવી. તેમજ ઉચ્ચતર શિક્ષણ માટે પ્રોત્સાહન આપવું.

(૫) સેજપાલ પરિવાર(વરસડાવાળા)ના કોઈપણ જરૂરિયાતમંદ વ્યક્તિને વૈદકિત, મેડિકલ સારવાર માટે આર્થિક મદદ કરવી.

(૬) પરિવારના સભ્યોમાં પરસ્પર પારીવારીક ભાવના વિક્સે તે માટે સુવિધા પુરી પાડવી, સામાજીક સુધારા કરવા, સામાજીક પ્રસંગોના પ્રશ્નોમાં સહાય કરવી તથા વિવિધ પારીવારિક પ્રસંગોના આયોજનમાં સહાયભુત થવું.

(૭) પરિવારના મેળાવડા, પ્રવાસ, પર્યટનો યોજવા, વસ્તીપત્રકો પ્રકાશીત કરવા, વ્યાખ્યાનો ગોઠવવા આ બધી બાબતોને પુરક એવી પ્રવૃતીઓ હાથ ધરવી.

(૮) પરિવારના મિલન યોજવા, વેવિશાળ કે લગ્ન માટેની વ્યવસ્થા કરવી, સામાજીક પ્રસંગોના આયોજન માટે જગ્યા અને મકાનની સુવિધા ઉપલબ્ધ કરવી, કુરીવાજો અને ખોટા ખર્ચ દુર કરવા માટે વ્યાપક ઝુબેશ હાથ ધરવી.

B.V. Sejpal.

(૯) પર્યાવરણ જાળવણી અંગેની પ્રવૃતી કરવી કે સહાયભુત થવું.

(૧૦) વિવિધ ઉત્સવોની ઉજવણી કરવી.

(૧૧) સંસ્કાર લક્ષી સાહિત્યનો પ્રચાર તથા વેચાણ કરવું.

**(૫) સભ્યપદ :**

૧૮ કે તેથી વધુ ઉંમરના ભારતમાં કે પરદેશમાં રહેતા સેજપાલ પરિવાર(વરસડાવાળા)ના કોઈપણ વ્યક્તિ સભ્ય ફી ભરીને બની શકશે. તેમની સભ્ય તરીકેની માન્યતા કારોબારી કમીટીના ઠરાવને આધિન રહેશે.

- આજીવન સભ્યો :

પુખ્તવયની સેજપાલ પરિવારની કોઈપણ વ્યક્તિ રૂા. ૧૧૦૧/- આપી સંસ્થાના આજીવન સભ્ય થઈ શકશે, જેને કારોબારી કમીટી મંજુર રાખેથી, આ સંસ્થાના આજીવન સભ્ય થઈ શકશે.

**(૬) સામાન્ય સભા :**

(૧) તમામ પ્રકારના સભ્યોની બનેલી સભા તે સામાન્ય સભા કહેવાશે.

(૨) ૨/૩ સભ્યોને લેખિત માંગણીથી સામાન્ય સભા બોલાવી શકાશે. લેખિત માંગણીની અરજીમાં સામાન્ય સભા બોલાવવાના કારણે જણાવવાના રહેશે.

(૩) સામાન્ય સભામાં ૩/૫ સભ્યોની હાજરીથી જરૂર પડે ધારાધોરણમાં ફેરફાર કરી શકાશે.

(૪) સામાન્ય સભા મળી શકે તેમ ના હોય તો તેવા સંજોગોમાં પત્ર દ્વારા સભ્યોની સંમતિ મેળવીન વધુ મતે નિર્ણયો કરી શકાશે.

(૫) સામાન્ય સભાના બધા જ કામો અને નિર્ણયો બહુમતીથી થશે.

(૬) સામાન્ય સભા કારોબારી કમીટીની ચુંટણી કરશે, જેની મુદત પાંચ વર્ષની રહેશે.

(૭) સામાન્ય સભામાં પુરા થતાં વર્ષના હિસાબો, અહેવાલો તથા આગામી વર્ષનો કાર્યક્રમ રજુ કરવામાં આવશે.

(૮) સામાન્ય સભા બોલાવવા માટે સાત દિવસ અગાઉથી સભ્યોને ખબર આપવામાં આવશે જે માટે એજન્ડા કાઢવાના રહેશે, અસામાન્ય સંજોગોમાં જરૂર પડ્યે ખાસ સામાન્ય સભા બોલાવી શકાશે અને તે માટે સભ્યોને ત્રણ દિવસ અગાઉથી જાણ કરવાની રહેશે.

(૯) હિસાબોની તપાસણી માટે દર વર્ષે સામાન્ય સભા એક કે એકથી વધુ ઓડીટરોની નિમણુંક કરશે.

(૧૦) સામાન્ય સભા સામાન્ય રીતે એક વર્ષમાં એકવાર પરંતુ જરૂર પડે વધુ વખત બોલાવી શકાશે.

(૧૧) કોરમના અભાવે મુલત્વી રહેલી સભા એક કલાક પછી અથવા પ્રમુખ નક્કી કરે તે સમયે મળશે અને વગર કોરમે એજન્ડા પ્રમાણેના કામોનો નિકાલ કરશે.

(૧૨) સામાન્ય સભામાં નિર્ણય બાબતે સરખા મત પડે તો ચીઠ્ઠી નાંખીને અથવા સંસ્થાના પ્રમુખના એક વધારાના મતથી નિર્ણય કરી શકાશે.

(૧૩) સામાન્ય સભાનું કોરમ ૨/૩ સભ્યોની હાજરીથી પુરૂ થયેલ ગણાશે.

(૧૪) સામાન્ય સભામાં જરૂર પડયે સલાહકાર સમિતી નીમી શકે. જરૂર પડયે કારોબારી સમીતિમાં આમંત્રીત તરીકે હાજરી આપી શકશે.

(૭) **કારોબારી કમીટી :**

(૧) સામાન્ય સભા દર પાંચ વર્ષે કારોબારી કમીટીની ચુંટણી કરશે. કારોબારી કમીટીમાં ઓછામાં ઓછા ૫ અને વધુમાં વધુ ૭ સભ્યો રહેશે.

(૨) કારોબારી કમીટી હોદ્દેદારની ચુંટણી કરશે જેની મુદત પાંચ વર્ષની રહેશે.

(૩) આજીવન સભ્ય કારોબારી સમિતિના સભ્યપદ માટે ઉમેદવારી કરી શકશે.

(૪) કારોબારી કમીટીમાં ચુંટાયેલ સભ્યો તેમજ હોદ્દેદારોના મુદત દરમ્યાન મૃત્યુ, રાજીનામા કે અન્ય કોઈ કારણસર જગ્યા ખાલી પડે તો બાકી રહેતા કારોબારી કમીટીના સભ્યો નવી ચુંટણી થતા સુધી કારોબારી કમીટીના આજીવન સભ્યો પૈકીના લાયક યોગ્ય સભ્યની બહુમતીથી નિમણુંક કરશે. તેવી જ રીતે હોદ્દેદાર માટે કારોબારી કમીટી પૈકીના લાયક યોગ્ય ઉત્સુક સભ્યની બહુમતીથી નિમણુંક કરશે. વધારાના સભ્યોની નિમણુંક બાકી રહેતા કારોબારી કમીટીના સભ્યો કરશે જે મહત્તમ મર્યાદાને આધીન રહીને બહુમતીથી કરવાની રહેશે.

(૫) આ સંસ્થા રોજીંદા વ્યવહારોમાં પ્રમુખ, ઉપપ્રમુખ તથા મંત્રીના માર્ગદર્શન નીચે કામ કરશે.

(૬) નવા સભ્યપદ માટેની અરજીઓ ઉપર વિચારણા કરશે અને મંજુરી કે નામંજુરી માટેનો નિર્ણય કરશે.

(૭) કારોબારી કમીટીની વર્ષમાં ઓછામાં ઓછી બે મીટીંગ મળશે. આ બે મીટીંગની વચ્ચે ઓછામાં ઓછા ૪ માસનો ગાળો હોવો જરૂરી છે.

(૮) કારોબારી કમીટીની મીટીંગ મળી શકે તેમ ન હોય તો તેવા સંજોગોમાં સભ્યોની સંમતિ મેળવી વધુ મતે નિર્ણય કરી શકશે.

B.V. Sarvaiya

(૯) કારોબારી કમીટી સંસ્થાના જુદા જુદા કાર્યો માટે પેટા સમિતિઓ નીમી શકશે જે તેમના કાર્યો અંગે આ સંસ્થાને સંપૂર્ણપણે જવાબદાર રહેશે.

(૧૦) કારોબારી કમીટી સંસ્થાના જુદા જુદા કાર્યોમાં મદદ કરવા માટે પેટા સમિતિઓ નીમી નવી પ્રવૃત્તિઓ હાથ ધરશે અને તેને વિકસાવશે.

(૧૧) કારોબારી કમીટીનું કોરમ ૨/૩ સભ્યોની હાજરીથી પુરૂ થયેલ ગણાશે. કોરમના અભાવે મુલત્વી રહેલી મીટીંગ એક કલાક બાદ પછી પ્રમુખમંત્રી જે સમય નક્કી કરે તે સમયે મળશે.

(૧૨) કારોબારી કમીટીની ખાસ સભા બોલાવવા માટે ત્રણ દિવસ પહેલા એજન્ડા કાઢવાનો રહેશે અને ખબર આપવાની રહેશે.

(૧૩) કારોબારી કમીટીના બધા જ કાર્યો બહુમતીથી કરવામાં આવશે. સરખા મત પડે તો ચીઠ્ઠી નાંખી અથવા પ્રમુખે વધારાનો મત આપી નિર્ણય કરશે.

(૧૪) કારોબારી કમીટીની મીટીંગ બોલાવવા માટે પાંચ દિવસ અગાઉથી સભ્યોને એજન્ડા કાઢી ખબર આપવામાં આવશે.

(૧૫) હોદ્દેદારો પૈકીના કોઈપણ હોદ્દેદારને હોદ્દા ઉપરથી દુર કરવા કારોબારી કમીટીના ૨/૩ સભ્યો લેખિત માંગણી કરે, ત્યારે આવી લેખિત માંગણી મળ્યેથી દિન-૭ માં કારોબારી કમીટીની મીટીંગ બોલાવી બહુમતીથી યોગ્ય તે નિર્ણયો કરી શકાશે.

**(૮) પ્રમુખના અધિકારો :**

(૧) સંસ્થાની તમામ મિલકતના કાયદેસરના વહીવટકર્તા ગણાશે.

(૨) સંસ્થાનો વહીવટ સંભાળવા અને ચલાવાવ મંત્રીને જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપશે.

(૩) સંસ્થાના ઉદ્દેશોની સિધ્ધિ અર્થે વિવિધ પ્રવૃત્તિઓ ઉપાડવા માટે વિચારણા કરશે અને મંત્રીને જરૂરી સુચનો આપશે.

(૪) સંસ્થાએ આપેલા અધિકારો મુજબ નાણાંકીય લોન, સહાય, મિલકતો તેના દસ્તાવેજો-કરારો વિગેરે કરી શકશે.

(૫) સામાન્ય સભા તથા કારોબારી કમીટીના અધિકારો મુજબ તમામ કાર્યો મંજુરીની અપેક્ષાએ કરી શકાશે તેમજ સમયના બાધ સિવાય સામાન્ય સભા તથા કારોબારી કમીટીની સભા બોલાવી શકશે.

**(૯) મંત્રીના અધિકારો :**

(૧) કારોબારી કમીટી તથા પ્રમુખના આદેશ અને માર્ગદર્શન હેઠળ સંસ્થાનું તમામ કાર્ય કરશે.

B.V. Seju

(૨) સંસ્થાની મિલકતોનો વહીવટ કરશે, સંસ્થા વતી પોતાની સહીથી પત્રવ્યવહાર કરશે.

(૩) સંસ્થાના ધ્યેય અને ઉદ્દેશો મુજબ કારોબારી કમીટી અને પ્રમુખની સુચના અને આદેશ મુજબ પ્રવૃત્તિઓ હાથ ધરશે અને તેનું સંચાલન કરશે.

(૪) સંસ્થાના તમામ હિસાબો રાખશે, ઓડીટ કરાવશે અને સામાન્ય સભામાં મંજુરી માટે રજુ કરશે.

(૫) કારોબારી કમીટીએ આપેલા અધિકારો મુજબ નાણાંકીય સહાય, મિલકતો તથા દસ્તાવેજો-કરારો વિગેરે કરી શકશે.

(૬) કારોબારી કમીટી તથા સામાન્ય સભાની મીટીંગ બોલાવવી અને તેની નોંધણી રાખવી.

(૭) ટ્રસ્ટની પ્રવૃત્તિ માટે કર્મચારીઓની નિમણુંક તથા શરતો નક્કી કરી શકશે.

**(૧૦) ખજાનચીના કાર્યો :**

સંસ્થાની આવકની પહોંચ આપશે અને ખર્ચના વાઉચરો મેળવશે, સંસ્થાના એકાઉન્ટ હિસાબો વ્યવસ્થિત રાખશે.

**(૧૧) બેન્ક એકાઉન્ટ :**

સંસ્થાનું બેંકનું ખાતુ પ્રમુખ, મંત્રી અને ખજાનચીની સંયુક્ત સહીથી ખોલાવવામાં આવશે અને ત્રણમાંથી કોઈપણ બેની સહીથી નાણાંકીય વ્યવહારો કરવામાં આવશે અથવા કારોબારી કમીટીના સભ્યો નક્કી કરે તેવા સભ્યોની સંયુક્ત સહીથી ખાતુ ખોલાવવામાં આવશે અને તે ઠરાવ તેમની સંયુક્ત સહીથી નાણાંકીય વ્યવહારો કરી શકાશે.

**(૧૨) નાણાં અને મિલકતો :**

સંસ્થાના નાણાં અને મિલકતો સંસ્થાની માલિકીની ગણાશે તેની ઉપર કોઈ સભ્યો હોદ્દેદારો કે અન્ય સંસ્થાઓની માલિકીનો હક્ક રહેશે નહીં. સંસ્થા(ટ્રસ્ટ) તેના હેતુ માટે સ્થાવર મિલકત ખરીદી શકશે. ભાડાની આવક કરવા માટે કાયદા મુજબ પરવાનગી લઈને ખરીદી શકશે.

**(૧૩) આવકના સાધનો :**

સભ્ય ફી, દાન, ભેટ, ફંડ, ફાળો, વ્યાજ, ગ્રાન્ટ, ચેરીટી શો યોજીને શ્રમકાર્યો, લોકફાળો ઉઘરાવીને, સરકારી, અર્ધસરકારી, બીનસરકારી, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પાસેથી સહાય મેળવીને બેંક પાસેથી લોન અથવા દાન મેળવીને આવક મેળવવામાં આવશે તથા રોકડ ચીજવસ્તુઓ જંગર અને સ્થાવર મિલકત સ્વરૂપે સ્વીકારીને મેળવી શકશે.

**(૧૪) હિસાબી વર્ષ :**

૧ લી એપ્રિલથી ૩૧ મી માર્ચ આખરનું રહેશે.

B.V. Sairal

(૧૫) ટ્રસ્ટ બંધ કરવા બાબત :

ટ્રસ્ટની કારોબારી કમીટીના સભ્યો બહુમતી ઠરાવ કરીને કાયદાને આધિન રહી આ ટ્રસ્ટ બંધ કરી શકશે અને ટ્રસ્ટના દેવા, લેણા અને જવાબદારીઓના નિકાલ કર્યા બાદ જે સ્થાવર, જંગમ મિલકતો બાકી રહે તે આવા હેતુઓ ધરાવતી સંસ્થાને સોંપી દઈ શકશે.

અમો નીચે સહી કરનાર આથી દાખલો આપીએ છીએ કે આ બંધારણ અસલ છે.

તારીખ :09/02/2013

સ્થળ : અમદાવાદ.

(૧) ________

(૨) ________

(૩) B.V. Seipal

(૪) M. C. Seipal

(૫) ________

## સેજપાલ પરિવાર સેવા ટ્રસ્ટની જનરલ સભાની ઠરાવ બુક.

આજરોજ તા.૧-૨-૨૦૧૩ નાં સાંજે ૬:૦૦ કલાકે સેજપાલ પરિવાર સેવા ટ્રસ્ટની જનરલ સભા ૭-બી, નટવરશ્યામ સોસાયટી, ઓર્કિડ પાર્કની સામે, શેલ્બી હોસ્પિટલની પાછળ, સેટેલાઈટ, અમદાવાદ મુકામે મળી હતી. તેમાં નીચેનાં સભ્યો હાજર રહ્યા હતા.

૧. પંકજભાઈ અનંતરાય સેજપાલ
૨. ધીરજભાઈ મગનલાલ સેજપાલ
૩. ભાવેશ વિનોદ સેજપાલ
૪. મનીષ ચંપકલાલ સેજપાલ
૫. રમેશ ચંદ્રકાન્ત સેજપાલ
૬. ચંદ્રકાન્ત અમૃતલાલ સેજપાલ
૭. હરેન્દ્ર અમૃતલાલ સેજપાલ
૮. હિતેશ ચંદ્રકાન્ત સેજપાલ
૯. ભુપેન્દ્ર રમનલાલ સેજપાલ
૧૦. વિનોદ લલ્લુભાઈ સેજપાલ

ઠરાવ નં-૧:

આથી ઠરાવ કરવામાં આવે છે કે, સેજપાલ પરિવાર સેવા ટ્રસ્ટ નામની સંસ્થા સ્થાપવાનું નક્કી કરવામાં આવ્યું અને તે અંગે તૈયાર કરવામાં આવેલું બંધારણ સભામાં વાંચી સંભળાવવામાં આવ્યું અને તે માન્ય રાખવાનું ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ સર્વાનુમતે મંજૂર

ઠરાવ નં-૨: આથી ઠરાવ કરવામાં આવે સેજપાલ પરિવાર સેવા ટ્રસ્ટની પ્રથમ કારોબારી (નિમણુક નીચેનાં સભ્યોની કરાવવામાં આવી.

૧. પંકજ અનંતરાય સેજપાલ
૨. ધીરજભાઈ મગનલાલ સેજપાલ
૩. ભાવેશ વિનોદ સેજપાલ
૪. મનોજ ચંપકલાલ સેજપાલ
૫. રમેશ ચંદ્રકાન્ત સેજપાલ

ઠરાવ નં-૩: આથી ઠરાવ કરવામાં આવે છે સેજપાલ પરિવાર સેવા ટ્રસ્ટની નોંધણી નાયબ ચેરિટી કમિશનર શ્રીની કચેરી અમદાવાદમાં કરાવવા સા ટ્રસ્ટ વતી, ટ્રસ્ટીઓ વતી જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં જરૂરી સુધારા વધારા કરવા સારૂ, નાણાકી ખર્ચ કરવાની તથા વકીલ રોકવાની તમામ સત્તા શ્રી પંકજભાઈ અનંતરાય સેજપાલને સોંપવાનું નક્કી કરવામાં આવ્યુ.

સહીઓ:-

૧. [signature]
૨. ધીરજલાલ મગનલાલ સેજપાલ
૩. B.V. Sejpal
૪. M.C. Sejpal
૫. [signature]
૬. [signature]
૭. H.A. Sejpal
૮. [signature]
૯. [signature]
૧૦. [signature] SEJPAL

## સેજપાલ પરિવાર સેવા ટ્રસ્ટની કારોબારી સભાની ઠરાવ બુક:

આજરોજ તા ૧-૨-૨૦૧૩ નાં સાંજે ૮:૦૦ કલાકે સેજપાલ પરિવાર સેવા ટ્રસ્ટની કારોબારી સભાની મીટીંગ ૭-બી, નટવરશ્યામ સોસાયટી, ઓર્કિડ પાર્કની સામે, શેલ્બી હોસ્પીટલની પાછળ, સેટેલાઈટ અમદાવાદ મુકામે મળી હતી. તેમાં નીચેનાં સભ્યો હાજર રહ્યા હતાં.

૧. પંકજભાઈ અનંતરાય સેજપાલ
૨. ધીરજભાઈ મગનલાલ સેજપાલ.
૩. ભાવેશ વિનોદ સેજપાલ
૪. મનીષ ચંપકલાલ સેજપાલ
૫. રસેષ ચંદ્રકાન્ત સેજપાલ
૬. ચંદ્રકાન્ત અમૃતલાલ સેજપાલ
૭. હરેન્દ્ર અમૃતલાલ સેજપાલ
૮. દિવ્યેશ ચંદ્રકાન્ત સેજપાલ
ભુપેન્દ્ર છગનલાલ સેજપાલ
૯. વિનોદ લલ્લુભાઈ સેજપાલ
૧૦.

<u>ઠરાવ નં-૧:</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે સેજપાલ પરિવાર સેવા ટ્રસ્ટનાં પ્રમુખ તરીકે: શ્રી પંકજ અનંતરાય સેજપાલ, મંત્રી તરીકે: ધીરજભાઈ મગનલાલ સેજપાલ, ખજાનચી તરીકે: શ્રી રસેષ ચંદ્રકાન્ત સેજપાલ ની નિમણૂક કરવાનું ઠરાવવામાં આવ્યું.